# મારે શું કરવું તે તમારે નક્કી કરવાનું નથી : વજુભાઈ

## વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાએ આરોગ્યમંત્રી નિતીન પટેલને કઝ્ઝું અને કોંગ્રેસને સસ્પેન્ડ કરવાનો -સ્તાવ ઠુકરાવી દીધો

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાએ સત્તાપક્ષ ભાજપને એક આંચકારૂપ ઘટનામાં સભાગૃહની અંદર માસ્ક પહેરીને આવનાર વિપક્ષના સભ્યોને સસ્પેન્ડ કરવાની સત્તાપક્ષ ભાજપની દરખાસ્તને શરતી ગણાવી વિપક્ષને સસ્પેન્ડ કરવાની માંગણી ફગાવી દીધી હતી.

એટલું જ નહી સત્તાપક્ષ તરફથી આ જ મુદ્દે રજૂ થયેલી બીજી દરખાસ્તનો પણ એમ કહીને અસ્વીકાર કર્યો હતો કે એક જ બાબતમાં બે - બે દરખાસ્ત હોય શકે નહી. અધ્યક્ષે એક તબક્કે આરોગ્યમંત્રી નીતિન પટેલને એમ સંભળાવી દીધું કે મારે શું કરવાનું તે તમારે નક્કી કરવાનું નથી.... ! અધ્યક્ષના આવા કડક વલણથી મંત્રીઓમાં તથા ભાજપના ધારાસભ્યોમાં સોપો પડી ગયો હતો. જયારે કોંગ્રેસના સભ્યોએ અધ્યક્ષના નિર્ણયને પાટલીઓ થપથપાવી ને આવકાર આપ્યો હતો.

વિધાનસભામાં આજે ૌતરી દરમિયાન વિપક્ષના સભ્યો સ્વાઈન ફ્લૂના મામલે સરકારનું ધ્યાન દોરવા મેડિકલ માસ્ક પહેરીને ગૃહમાં આવ્યાં હતા. તે વખતે સત્તાપક્ષ તરફથી આરોગ્યમંત્રી નીતિન પટેલે એવી દરખાસ્ત મુકી હતી કે જો વિપક્ષના સભ્યો મોઢે બાંધેલ માસ્ક દુર ન કરે તો આજના દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા જોઈએ. અલબત્ત આ દરખાસ્ત મતદાન પર આવે તે પહેલાં વિપક્ષે વોકઆઉટ કર્યો હતો. અને મામલો ત્યાંજ પુરો થઈ ગયો હતો.

-શ્રોતરી સમયકાળ બાદ કોંગ્રેસના સભ્યો ચર્ચામાં ભાગ લેવા ગૃહમાં આવ્યા હતા. એ જ વખતે રાજયકક્ષાના મંત્રી -દિપસિંહ જાડેજાએ અધ્યક્ષનું ધ્યાન દોર્યુ કે વિપક્ષે અધ્યક્ષે આદેશ આપ્યા બાદ પણ મોઢા પરથી માસ્ક દુર નહી કરીને અધ્યક્ષના આદેશ અવમાન કર્યુ છે તેથી તેમને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવા જોઈએ. તેમણે એમ પણ કઝ્ઝું કે વિપક્ષના સભ્યોએ ગૃહમાંથી બહાર નીકળ્યા પછી અધ્યક્ષની હદ વિસ્તારમાં સૂત્રોચ્ચારો પણ કર્યા છે. તેથી આરોગ્યમંત્રીએ જે દરખાસ્ત કરી હતી તેને ટેકો આપું છું.

અધ્યક્ષે એમનું ધ્યાન દોરતાં એમ ક ઝ્ઝું કે તમે ટેકો ભલે આપો પરંતુ તમારા પક્ષ તરફથી વિપક્ષને સસ્પેન્ડ કરવાની જે દરખાસ્ત રજૂ થઈ હતી તેમાં એવું જણાવાયું હતું કે વિપક્ષના સભ્યો માસ્ક ન ઉતારે તો અર્થાત તમારી દરખાસ્ત કંડીશન્લી એટલે કે શરતી દરખાસ્ત હતી. અને વિપક્ષ વોકઆઉટ કરી ગયા હતા. તેથી દરખાસ્ત ટકી શકતી નથી. અધ્યક્ષે એવી સલાહ પણ આપી કે તમારે સીધે-સીધી સસ્પેન્ડ કરવાની દરખાસ્ત મુકવી જોઈતી હતી. આ સાંભળીને આરોગ્યમંત્રી નીતિન પટેલે એમ કઝ્ઝું કે વિપક્ષના સભ્યોએ માસ્ક ઉતાર્યા નહોતા. તેથી અમારી દરખાસ્ત નો નિર્ણય બાકી રઝ્ઝો છે. અને વિપક્ષને સસ્પેન્ડ કરવા જોઈએ.

આ વખતે અધ્યક્ષે આરોગ્ય મંત્રીને યાદ અપાવ્યું કે તમારી દરખાસ્ત્ત જો અને તો -કારની હતી. અને તેમાં તમે એમ કઝ્ઝું હતું કે માસ્ક ન કાઢે તો, ખરેખર તો આવી દરખાસ્ત હોય શકે જ નહી. દરખાસ્ત હંમેશા સ્પષ્ટ અને સીધી હોવી જોઈએ.આરોગ્ય મંત્રીએ અધ્યક્ષને એમ પણ ક ઝ્ઝું કે વિપક્ષે સભાગૃહનું અવમાન કર્યુ છે અને મારી દરખાસ્ત યથાવત રહે છે. આરોગ્યમંત્રી અને રાજયકક્ષાના મંત્રી -દિપસિંહ જાડેજાએ વિપક્ષને સસ્પેન્ડ કરાવા માટે પોતાની આ દરખાસ્ત સંદર્ભે અધ્યક્ષ સમક્ષ વધુમાં એમ પણ કઝ્ઝું કે વિપક્ષે માસ્ક ઉતાર્યા નહોતા અને સભાગૃહનું અવમાન કર્યુ હોવાથી તેમને સસ્પેન્ડ કરવા જોઈએ.

બે મંત્રીઓની દરખાસ્તને વળગી રહેવાની બાબતના જવાબમાં અધ્યક્ષે અંત્યત કડક વલણ અપનાવીને એમ પણ કઝ્ઝું તમારી દરખાસ્ત જો અને તો વાળી હતી. ભવિષ્યમાં જો અને તો વાળી દરખાસ્ત મૂકતાં પહેલા ધ્યાન રાખજો. સભાગૃહનું અવમાન થયું છે તે મુદ્દો એ જવખતે રજૂ કરવાની જરૂર હતી. અત્યારે તેની કોઈ ચર્ચા થઈ શકે નહીં. આમ, અધ્યક્ષે તેમની દરખાસ્તનો અસ્વીકાર કરતાં આરોગ્યમંત્રીએ અધ્યક્ષ પર દબાણ લાવવાં એમ કઝ્ઝું કે મારી દરખાસ્ત ચાલુ રહેવી જોઈએ.. અને તેનો સ્વીકાર કરવો જોઈએ તથા વિપક્ષને સસ્પેન્ડ કરવા આ દરખાસ્ત મતદાન પર મુકવી જોઈએ.

● અનુસંધાન પાના નં. ૭ પર

ફોરમ તો ફાગણ નહિ પણ ગરમી ઓકતો ફાગણ...! હા, આ હકીકત છે ગરમીના પ્રારંભથી જ નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. દિવસ દરમ્યાન ૩૮ ડિગ્રી સુધીનો પારો પ્રારંભિક તબક્કામાં જ નોંધાયો હોય આગામી ઉનાળો કેટલો આકરો હશે તેના વિચાર માત્રથી કંપારી છુટી જાય છે. ગરમીથી બચવા હવે પરીક્ષાની મોસમમાં વ્યસ્ત વિદ્યાથીનીઓ માથે દુપટ્ટા બાંધી અને રક્ષણ મેળવી રહી છે તો લોકો અત્યારથી છાંયડો શોધતા નજરે પડે છે. પ્રસ્તુત તસવીરમાં બસની રાહ જોઈ ગરમીથી બચવા દુપટ્ટો બાંધી ઉભી રહેલી તરૂણીઓની છે... ગ્રીનસીટી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં જ ગરમીનો આ અહેસાસ પાટનગરના જનજીવન પર ઘેરી અસર છોડી રહ્યો છે. (તસવીર : દિપક જાની)

# શહેરમાં બે ઓથોરીટી વેરાની નોટીસો આપતા નાગરિકોને મુંઝવણ !

ગાંધીનગર, તા.૨૦

સે-૨૬ ગ્રીનસીટીના રહીશો પાસેથી ડબલ કર વસૂલવાની નીતિ સામે પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. એક બાજુ જીઆઈડીસી દ્વારા કર ઉઘરાવાય છે જયારે કોર્પોરેશન કક્ષાએથી પણ નોટીસો અપાતા એક જ શહેરમાં બે ઓથોરીટી કર વસૂલાત કરતા રહીશો મુંઝવણમાં મુકાયા છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ સરકારે ૧૯૭૧ના વર્ષમાં સે-૨૫, ૨૬ અને સે-૨૮માં ૭હજાર ૬૫૦૦ હેકટર જમીન જી.આઈ.ડી.સી.ને ફાળવી હતી. જયારે આ જગ્યામાં મોટા ઉદ્યોગોની સાથે રહેણાંકના મકાનો પણ અસ્તિત્વમાં આવ્યા છે. કરાર મુજબ સરકારે જમીન ફાળવી હતી જેમાં આ વિસ્તારમાં રસ્તા, ગટર અને પાણી સહિતની પાયાની સુવિધા પુરી પાડવાનો નિર્ણય લેવાયો હતો. જેની સામે જીઆઈડીસી દ્વારા તોતિંગ વેરો પણ ઉઘરાવવામાં આવી રહ્યો છે. આવા સંજોગોમાં આ વિસ્તારને ગાંધીનગરમાં ભેળવી પાણી સહિતની સુવિધા શહેર સમકક્ષ આપવા અનેકવાર રજૂઆત કરવામાં આવી છે. આમ છતાં કોઈ પગલા લેવાતા નથી. બીજી તરફ જીઆઈડીસી દ્વારા મોટો કર ઉઘરાવાય છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા પણ વેરા વસુલાત માટે રહીશોને નોટીસો ફટકારવામાં આવી છે. આમ એક જ શહેરમાં બે ઓથોરીટી દ્વારા કરવસુલાતની નોટીસ અપાતા સે-૨૬ ગ્રીનસીટીના રહીશો મુંઝવણમાં મુકાયા છે. શહેર વસાહત મહામંડળ દ્વારા આ મામલે શહેરી વિકાસ વિભાગના અગ્રસચિવ, કોર્પોરેશનના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પ્રવિણ પટેલને રજૂઆત કરી નોટીસ પાછી ખેંચી વેરા બાબતે એક એજન્સી નક્કી કરી નાગરિકોની મુંઝવણ દૂર કરવા જણાવાયું છે.

# અપહરણ પ્રકરણે પોલીસ અને બુટલેગર બન્ને ફરાર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના ચર્ચાસ્પદ બની ચુકેલી બુટલેગરે કરેલા પોલીસના અપહરણ કેસમાં ચિલોડા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ લાલસિંહનું નામ ખુલતા આ અપહરણ કેસ વધુ ચર્ચાસ્પદ બન્યો છે. પોલીસના અપહરણમાં એક પોલીસની પણ સંડોવણી ખુલતા તેના વિરૂદ્ધમાં અપહરણમાં મદદગારી, આરોપી સાથે સાંઠગાંઠ રાખી તેને ભગાડી જવા બદલ ગુનો દાખલ થયો છે. ત્યારે આજે આ ઘટનાને ૪૮ કલાક થઈ ગયા બાદ પણ વોન્ટેડ બુટલેગર શૈલેન્દ્રસિંહ અને આરોપી પોલીસ લાલસિંહ પોલીસ સર્કજામાં આવી શકયા નથી. પોલીસથી હજુ પણ બન્ને આરોપીઓ નાસતા ફરે છે ત્યારે આ કેસમાં સંડોવાયેલા આરોપી ચિલોડા પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાની તજવીજ ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

# સચિવાલયમાં સેકશન ઓફિસરની ૮૭ જગ્યાઓ હજુ ખાલી છે

## જિલ્લામાં ૨૫૪ પોલીસ લોક દરબારો યોજાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સેક્ટર રિફોર્મ યોજના હેઠળ મળેલ અરજીઓ અંગે ભાજપના શ્રી શંભુજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પાણી-પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું છે કે આ અન્વયે સમિતિઓને રૂ. ૨૪.૬૦ લાખનું ફંડ પણ ફાળવી આપવામાં આવ્યું હોવાનું પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

### ● સેકશન અધિકારીઓની ખાલી જગ્યા

કોંગીના શ્રી અશ્વિન કોટવાલ દ્વારા સચિવાલયમાં સેકશન અધિકારીની ખાલી જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાન્ય વહીવટવિભાગનો હવાલો ધરાવતા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે મંજૂર થયેલ જગ્યાઓ ૫૦૯ છે. જે પૈકી ૮૩ જગ્યો હાલ ખાલી છે.

જે જગ્યાઓ ખાલી છે તેમાં સીધી ભરતીથી પસંદગી પામેલા અધિકારીઓની ૩૭ જગ્યા, બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ૯ અને સેમી ડાયરેક્ટ કેડરની ૩૭ જગ્યાઓ ખાલી છે.

આ જગ્યાઓ સમયાંતરે બદલી, બઢતી કે નિવૃત્તિથી ખાલી પડે છે. તે જ રીતે બઢતી, બદલી કે સીધી ભરતીથી ભરાતી હોય છે. આ પ્રક્રિયા સતત ચાલતી હોવાથી કેટલા સમયથી ખાલી છે તેનો કોઈ ચોક્કસ સમય દર્શાવી શકાય નહિ તેમ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે વહીવટી કારણોસર જગ્યા ખાલી હોવાથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી આ જગ્યાઓ ભરવામાં આવશે.

### ● પોલીસના આરોગ્યની ચકાસણી

ગાંધીનગર ઉત્તરમાં ધારાસભ્ય શ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લાના પોલીસ કર્મચારીઓના આરોગ્યની ચકાસણી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં ૧૦૩૮ જેટલા પોલીસ કર્મચારીઓના આરોગ્યની ચકાસણી કરાઈ છે.

વર્ષ-૨૦૧૨માં આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના ૪૭૦ અને વર્ષ-૨૦૧૨માં ૫૬૮ પોલીસ કર્મચારીઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી.

### ● પોલીસના લોકદરબાર

ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પોલીસ દ્વારા છેલ્લા બે વર્ષમાં યોજાયેલા પોલીસ લોક દરબાર અંગે ભાજપના શ્રી શંભુજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં ૨૫૪ લોકદરબારોનું આયોજન પોલીસ દ્વારા કરવામાં આવ્યું છે.

વર્ષ-૨૦૧૧માં ૧૨૦ અને ૨૦૧૨માં ૧૩૪ લોક દરબારો યોજવામાં આવ્યા હતા તેમ પણ તેમણે જણાવ્યું છે.

# ફીઝીકસનું પેપર સ્ટાન્ડર્ડ પરીક્ષાર્થીઓને મજા પડી

## હોંશિયાર વિદ્યાર્થી સ્કોર કરી શકે તેવું પેપર હતું

ગાંધીનગર, તા.૨૦

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૪ની બોર્ડ પરીક્ષા દરમિયાન આજે ભૌતિક શાસ્ત્રનું પેપર સરળ અને પાઠયપુસ્તક આધારિત હોવાથી

પરીક્ષાર્થીઓએ હળવા મુડમાં કસોટી આપી હતી. જિલ્લામાંથી ૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૪ની પરીક્ષાના ત્રીજા દિવસે આજે ભૌતિક વિજ્ઞાન વિષયની પરીક્ષા લેવાઈ હતી. જિલ્લામાંથી ૫૪૦૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૯ પરીક્ષાર્થી ગેરહાજર રહ્યા હતા. ગણિત અને રસાયણ વિજ્ઞાન બાદ ભૌતિકશાસ્ત્રનું પેપર સરળ નિકળતા પરીક્ષાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. ગણિતના પેપરે વિદ્યાર્થીઓને રડાવ્યા બાદ રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર પ્રમાણમાં સરળ પરંતુ લેન્ધી પુરવાર થયું હતું. જેના પરિણામે તેજસ્વી વિદ્યાર્થીઓએ પુરેપુરા ગુણ મેળવવાનું અઘરું બન્યું હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે. જયારે બોર્ડ પરીક્ષા દરમિયાન આજે ભૌતિક વિજ્ઞાનનું પેપર બ્લ્યુપ્રિન્ટ આધારિત અને સરળ નીકળતા મોટાભાગના પરીક્ષાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો. પેપર સ્ટાઈલ મુજબના સરળ અને ટુ ધ પોઈન્ટ પ્રશ્નોવાળા પેપરમાં પુસ્તકનો પૂરો અભ્યાસ કરનાર પરીક્ષાર્થીઓ તમામ પ્રશ્નોના સરળતાથી ઉત્તર આપી શકે તેમ હોવાનું વિષય તજજ્ઞએ જણાવ્યું છે. જિલ્લામાંથી ૫૪૦૭ વિદ્યાર્થીઓએ ભૌતિકશાસ્ત્રની પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમિયાન ગેરરીતિનો એક પણ કિસ્સો નોંધાયો નથી.

# હોળી-ધુળેટીના આગમનના પગલે બાંધકામ ઉદ્યોગમાં લાંબુ વેકેશન

ગાંધીનગર, તા.૨૦

રંગોના તહેવાર હોળી-ધુળેટીનો ઉત્સવ કારીગર-મજૂર વર્ગ માટે મુખ્ય ઉત્સવ બની જાય છે. એકબીજાને રંગી, સંગીતના તાલે આનંદથી ઝુમવાના આ પર્વને માણવા માટે મજૂર-કારીગર વર્ગે વતનની વાટ પકડી છે આથી બાંધકામ ઉદ્યોગમાં ૨૦ દિવસ જેટલું લાંબુ વેકેશન પડશે.

સ્કૂલના વિદ્યાર્થીઓને હજુ તો પરીક્ષા બાદ વેકેશન પડશે પરંતુ તે પહેલાં બાંધકામ ઉદ્યોગમાં લાંબુ વેકેશન પડશે. બાંધકામની મોટાભાગની સાઈટો પર કામ બંધ થઈ જશે. હોળી-ધુળેટી નજીક આવતી હોઈ મજૂર-કારીગર વર્ગ લાંબી રજા પર જતાં આ સ્થિતિ સર્જાશે. ગાંધીનગર શહેરની આસપાસ ઘણી બાંધકામ સાઈટો ચાલે છે. કેટલીક સાઈટો પર તો મજૂર વર્ગ પરિવાર સાથે રહે છે. બાંધકામ ઉદ્યોગમાં રોકાયેલા મજૂરો અને કારીગર વર્ગ પૈકી મોટાભાગનો વર્ગ આદિવાસી વિસ્તારમાંથી અહીં આવે છે. આદિવાસી વિસ્તારોમાં હોળી-ધુળેટીનું પર્વ ખુબ ઉલ્લાસભેર મનાવવામાં આવે છે. તેઓ આખી આખી રાત પરંપરાગત સંગીતના તાલે નૃત્ય કરે છે. હોળી ધુળેટી નજીક હોઈ મજૂર વર્ગે વતન ભણી જવાની તૈયારીઓ શરુ કરી દીધી છે. બાકી રહેતા હોય તેવા લેણાની વસુલાત કરી તેઓ તૈયારી કરી રહ્યા છે. હોળી-ધુળેટી પહેલા આવતી શનિ-રવિની રજાઓમાં તેઓ જે મળે તે વાહન પકડી વતન ભેગા થઈ જશે. મજૂર વર્ગ વતનની વાટ પકડશે તેની સૌથી વધુ અસર બાંધકામ ઉદ્યોગ પર પડશે. કારીગર-મજૂરો જ ન હોય તો બાંધકામનું કામ આગળ વધશે જ નહીં. બાંધકામ અને તેને લગતી તમામ કામગીરી હોળી બાદ શરુ થશે એટલે કે લગભગ વીસ દિવસ બંધ રહેશે. ફરજીયાત આ ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામે કામ બંધ રાખવા પડશે.

**આગામી અઠવાડિયે ઉજવાનાર હોળી-ધુળેટી પર્વની ઉજવણી કરવા માટે કારીગર-મજૂર વર્ગ વતનની વાટે**

# પાણી-ગટર વેરા અન્વયે તંત્રએ ૪૦ ટકા વસુલાત કરી

## જૂના માંગણાનો આંકડો ઉંચો છતાં તંત્રની મંદ કામગીરી

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં પાણી ગટર વેરા ક્ષેત્રે હાથ ધરાયેલ વસૂલાત ઝૂંબેશ દરમિયાન અત્યાર સુધી તંત્ર કક્ષાએથી ૪૦ ટકા કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. વસુલાત ક્ષેત્રે અંદાજિત રૂ. ૧.૫૦ કરોડના બાકી માંગણા સામે તંત્ર એ અંદાજે ૬૦ લાખનો વેરો ઉઘરાવ્યો છે.

પાટનગર યોજના ભવન દ્વારા શહેરમાં પાણી-ગટર વેરાને અનુલક્ષી વર્ષ ૨૦૧૨-૧૩ની એડવાન્સ વસૂલાત માટે ગત તા. ૧ માર્ચથી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં તા. ૩૧ માર્ચ સુધીમાં વેરો ભરપાઈ કરનારને યોગ્ય વળતર પણ આપવામાં આવી રહ્યું છે. શહેરના જૂના અને નવા સેકટરોમાં પણી-ગટરનો વેરો વસુલવા તંત્ર કક્ષાએથી નિયત કરાયેલી એજન્સી દ્વારા અગાઉ બિલ વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી આમ છતાં હજુ સુધી કેટલાક ઠેકાણે બીલ ન મળ્યા હોવાની ફરિયાદો પણ કાને અથડાઈ રહી છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામો સહિત વસુલાતના બાકી આંકડા પણ તોતિંગ હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે બાકી રહેતી જૂની વસુલાત માટે પણ તંત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવાનું જણાવાયું છે. તંત્ર દ્વારા પાણી-ગટર વેરાના બિલની વસુલાત માટે શહેરમાં પાંચ કાઉન્ટરો શરુ કરવામાં આવ્યા છે.

જયારે વસુલાત ઝુંબેશના ૨૦ દિવસના અંતે ૪૦ ટકા કામગીરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. શહેરમાં વર્ષ ૨૦૧૨-૧૩ના અંદાજિત રૂ. ૧.૫૦ કરોડના માંગણા સામે તંત્ર દ્વારા અંદાજિત ૬૦ લાખ વસુલવામાં આવ્યા છે. વસુલાત ક્ષેત્રે બાકી આંકડો ઉંચો છે જયારે વસુલાત ઝુંબેશની કામગીરી મંદ હોવાનું ધ્યાને આવ્યું છે.

ZARIN Pvt. Ltd.
B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar
LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૯૧૪૧૬૮૩૬૬

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
VIRAT TMT BARS
UTKARSH
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી વૈશ્વી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(01) 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT, KISAN, BENELAVE, H.FIXIT, TMT BARS - ISI, TATA STEEL • PIPES • SHEETS, SANGHI STEEL - ISI, ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com